# પાલનપુરના ખાનગી તબીબની બેદરકારીથી પ્રસુતા અને નવજાત બાળકનું મોત નીપજ્યું હોવાની રાવ

પાલનપુરના એક ખાનગી તબીબની હોસ્પિટલમાં પ્રસૂતા અને તેના નવજાત બાળકનું મોત નીપજ્યું હતું, જોકે, તબીબની બેદરકારીને કારણે પ્રસૂતાનું મોત નીપજ્યું હોવાના આક્ષેપો વચ્ચે તેના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા મામલો વધુ ગરમાયો છે.

પાલનપુર તાલુકાના વાસણી ગામની ૨૬ વર્ષીય હીનાબેન ઠાકોર નામની મહિલાને પાલનપુરની મીતા હોસ્પિટલમાં ડીલેવરી અર્થે દાખલ કરાઈ હતી. જોકે, સિઝેરિયન દરમિયાન નવજાત બાળકનું મોત નીપજ્યું હતું, જયારે પ્રસુતાની હાલત વધુ કથળતા તબીબે હાથ અધ્ધર કરી દીધા હતા. અને તેને વધુ સારવાર અર્થે મહેસાણા રીફર કરાઈ હતી. જ્યાં લઈ જતા તેણીનું રસ્તામાં જ મોત નીપજ્યું હતું, જોકે, પ્રસૂતાનું મોત તબીબ ડો. પી.જી.પટેલની બેદરકારીથી થયું હોવાના આક્ષેપો મૃતક મહિલાના પતિ અશોકભાઈ ઠાકોર સહીત તેના પરિવારજનોએ કર્યા હતા. પ્રસૂતાના પરિવારજનોએ પ્રસૂતાના મોત બદલ કસૂરવાર તબીબ સામે પોલીસ કાર્યવાહીની માંગ કરી હતી. જ્યાં સુધી પોતાની માંગ નહિ સંતોષાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. પોલીસે પ્રસૂતા અને તેના બાળકના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા. પોલીસે હાલમાં તો અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, કસૂરવાર મનાતા તબીબ ડો.પી.જી.પટેલે મૃતક મહિલાના પરિવારજનોએ કરેલા આક્ષેપોને ફગાવી દીધા હતા.



યાત્રાધામ ડાકોરમાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મ દિન જન્માષ્ટમીની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી. રાત્રે ૧૨ વાગે શ્રીજી લાલાના જન્મોત્સવ સાથે આકાશમાં ભવ્ય આતસબાજી કરવામા આવી હતી. તો શ્રીજી મહારાજને પંચામૃતથી સ્નાન કરાવ્યા બાદ તેમને સવા લાખનો મુગટ પહેરાવાયો હતો. જે બાદ સવાર સુધી ભક્તોએ લાલાને સોનાના હિંડોળામાયં જુલાવ્યા હતા. આ સમયે સમગ્ર મંદિર 'જય રણછોડ માખણચોર' 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી' ના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતુ.

# મેઘરજ પોલીસે જુગારીઓને પકડયા

પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓની સૂચના મુજબ પોલીસ અધિક્ષકશ્રી કે.એન. ડામોર સાહેબ અરવલ્લી જિલ્લાઓ તરફથી મળેલ સૂચના અને માર્ગદર્શન મુજબ હાલમાં ચાલતા શ્રાવણ માસ નિમિત્તે જુગારના કેસો શોધી કાઢવા સૂચના આપતાં એલસીબી મોડાસાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર પી.એસ. પરમારનાઓને મળેલ બાતમી આધારે એલસીબી તથા એસઓજી ટીમ તથા મેઘરજ પોલીસની સંયુકત ટીમ દ્વારા મોજે મેઘરજ ટાઉનમાં પીકઅપ ડાલામાં જુગાર રમી રમાડતાં આરોપી (૧) બાબુભાઈ ઉંમરભાઈ બાકરોલીયા રહે. રતનફળી, ઘાંચીવાડા, મેઘરજ (૨) મહમદ ઈરફાન ઉસ્માનભાઈ કાજી રહે ઈન્દીરાનગર મેઘરજ તા. મેઘરજ (૩) રઈસભાઈ અલેકમહમદ મકરાણી રહે. ઈન્દીરાનગર મેઘરજ, તા. મેઘરજ (૪) હમીદભાઈ ગુલુભાઈપીરા રહે. ચોથીયા ફળી, ઘાંચીવાડા મેઘરજ તા. મેઘરજ (૫) લાલશા આબેશાબાનુ દિવાન રહે. ઈન્દીરાનગર-મેઘરજ, તા. મેઘરજ નાઓને મેઘરજ ટાઉનમાંથી પકડી પાડી રોકડ રૂપિયા ૩૮,૭૭૦ પીકઅપ ડાલુ કિં. રૂ. ૫,૦૦,૦૦૦ તથા અન્ય સાધનો મળી કુલ રૂ. ૫,૪૧,૨૭૦ના મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.

# ડીસાનાં ગંજીપૂરા વ્હોળામાંથી શ્રવાણીઓ જુગાર રમતા ૯ શખ્સો રંગે હાથ ઝડપાયા

ડીસા શહેર માંથી શ્રવાણીઓ જુગાર રમતા વધુ ૯ શખ્સો પોલીસ ના હાથે ઝડપાઈ ગયા છે અને દક્ષિણ પોલીસે તેમની પાસે થી પાંચ મોબાઈલ સહીત ૨૨,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શ્રાવણીઓ જુગાર રમતા શકુનીઓ પર પોલીસ સપાટો બોલાવી રહી છે જેમાં ડીસા ના ગંજીપુરા વ્હોળા વિસ્તારમાં જુગાર રમતા હોવાની માહિતી મળતાજ પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં ગંજીપુરા ના વ્હોળા માં આવેલી બાવળની ઝાડીમાં જુગાર રમતા અશોક સોમજી ઠાકોર, મુકેશ ભગવાનદાસ ઠક્કર, નરેશ માધવલાલ ઠાકોર, મહમ્મદ હનિફભાઈ ઈકબાલભાઈ કુરેશી, રજબમહમ્મદ સિતાબભાઈ સિપાહી, જહાંગીર ફકીરમહમ્મદ કુરેશી, મકબુલ મહમ્મદ કુરેશી, જાકિરહુસેન ઉમારભાઈ શેખ, વિનોદ કાંતિભાઈ મેતરાણી શખ્સો રંગે હાથ ઝડપાઈ ગયા હતા તેમજ તીન પત્તી નો જુગાર રમતા શખ્સો પાસે થી પાંચ મોબાઈલ અને રોકડા રૂ. ૧૯,૧૦૦ સહીત કુલ રૂ ૨૨૮૦૦ .ની મુદ્દામાલ જપ્ત કર્યો હતો જે અંગે દક્ષિણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેસ કલબ ઓફ ડીસા દ્વારા જુનાગઢમાં પત્રકારની ઘાતકી હત્યાના મામલે ડીસાના નાયબ કલેકટરને આવેદનપત્ર

ડીસા, તા. ૨૬

ગુજરાતમાં ગુનાખોરીના ઉંચકાતા જતાં ગ્રાફ વચ્ચે પત્રકારોની



સલામતી પણ જોખમાઈ રહી છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ સૌરાષ્ટ્રના જુનાગઢ ખાતે ફરજરત પત્રકાર અને જયહિંદ દૈનિકના બ્યુરો ચીફ કિશોરભાઈ દવેની તાજેતરમાંજ ઘાતકી હત્યા કરાતાં પત્રકાર આલમમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે અને આ ઘટનાનો વિવિધ સ્થળે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે પ્રેસ કલબ ઓફ ડીસાએ પણ ગતરોજ ડીસાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરી આ બનાવ સામે વિરોધ નોંધાવ્યો હતો.

જુનાગઢના પત્રકાર કિશોરભાઈ દવેની હત્યાના વિરોધમાં પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખ નીતિનભાઈ પટેલ, મહામંત્રી હિતેશભાઈ રાજપુત અને ઉપપ્રમુખ હરેશભાઈ ઠાકોરના નેતૃત્વ હેઠળ પ્રેસ કલબ ઓફ ડીસાના સભ્યોએ પહોંચી જઈ જુનાગઢના પત્રકાર કિશોરભાઈ દવેના હત્યારાઓને દાખલારૂપ સજા કરવા તેમજ ફિલ્ડમાં કામ કરતા પત્રકારોને પુરતું સુરક્ષા કવચ પુરૂ પાડવાની માંગણી કરતું આવેદનપત્ર ડીસાના નાયબ કલેક્ટરને સુપ્રત કર્યું હતું.

## ચિઠોડામાં જમાઈને ઘર બનાવી આપવા બાબતે ઝઘડો થતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે ગત તા.૨૩ ઓગષ્ટે કલ્પેશભાઈ અમૃતભાઈ ભગોરા દ્વારા તેમના જમાઈને ઘર બનાવી ન આપતા ભિલોડા તાલુકાના સુંદરપુર ગામના સવજીભાઈ ભાણાજી ખરાડી, બોદર રવિયા ફતાજી, લાલજીભાઈ તરાળ તથા ઈંદુબેન કનૈયાલાલ બોદરે ભેગા મળી અમૃતભાઈને કહ્યું હતું કે અમારા જમાઈને કેમ ઘર બનાવી આપતા નથી તેમ કહી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપતા કલ્પેશભાઈ ભગોરાએ ચારેય જણા વિરૂધ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

## રણાસણ રોડ પર બોલેરોએ ટક્કર મારતા એકનું મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ-રણાસણ જતા રોડ પરથી પસાર થઈ રહેલ ટ્રેલર નં.જીજે.૧૨. એવાય. ૯૨૨૮ના ચાલકે તા.૨૩ ઓગષ્ટે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી બોલેરોને ટક્કર મારી હતી. સાઈડમાં ઉભેલ મહેન્દ્રસિંહ વજેસિંહ સોલંકીને ગંભીર ઈજા થતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયુ હતું.

# મોડાસા નગર પાલિકા દ્વારા શહેરીજનો માટે જન્માષ્ટમીથી સિટી બસની સુવિધાનો પ્રારંભ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જન્માષ્ટમીના પવિત્ર પર્વના દિવસે મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં સૌ પ્રથમવાર સીટી બસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સીટી બસનો રૂટ મોડાસા કોલેજ રોડથી સરકારી એન્જીનીયરીંગ કોલેજ સુધીનો પ્રથમરૂટ નક્કી કરવામાં આવ્યો છે. સપ્તાહ સુધી નગરપાલિકા તંત્ર દ્વારા સીટીબસ નિઃશુલ્ક શહેરોના માર્ગો પર દોડાડવામાં આવશે. અરવલ્લી-સાબરકાંઠાના સાંસદ દિપસીંહ રાઠોડના વરદહસ્તે સીટી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરીજનોની વારંવારની માંગણી જન્માષ્ટમીના દિવસે સંતોષાતા મોડાસાનગર પાલિકાતંત્ર દ્વારા સીટી બસ સેવા શરૂ કરવામાં આવતા નગરજનોમાં આનંદ છવાયો હતો. મોડાસા નગરપાલિકાની સીટી બસનું લોકાર્પણ જન્માષ્ટમીને ગુરૂવારના રોજ સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ દિપસીંહ રાઠોડના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોડાસા નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, ચીફ ઓફીસર હરીશ અગ્રવાલ, વાહનવ્યવહાર સમિતિ ચેરમેન ઈસ્માઈલ મુલતાની, નગરસેવક નિકેશ પરમાર, સુભાષ શાહ સહિત નગરપાલિકાના કોર્પોરેટરો તેમજ જિલ્લાના ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલે જણાવ્યું હતું કે મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા જન્માષ્ટમીના દિવસે શરૂ કરાયેલ સીટીબસ મોડાસા કોલેજ તેમજ સેવા સદન જતા લોકોને તકલીફ ન પડે તે માટે સૌપ્રથમ ધનસુરા રોડ પર આવેલ આર્ટસ કોલેજથી ઈજનેરી કોલેજ સુધીનો રૂટ નક્કી કરી આ રૂટ પર બસ દોડશે. આગામી દિવસોમાં સાર્વજનિક હોસ્પિટલ સહિતના વિવિધ વિસ્તારો આવરી લેવામાં આવશે. પ્રથમ સપ્તાહ સુધી નિઃસુલ્ક મુસાફરો સીટી બસનો લુપ્ત ઉઠાવી શકશે ત્યાર બાદ રૂટ અને ભાડુ નક્કી કરવામાં આવશે. મોડાસાના શહેરીજનોની વર્ષો જુની સીટી બસની માંગણી સ્વીકારાતા આનંદ છવાયો હતો. મોડાસામાં આવેલ જિલ્લા સેવાસદન દૂર હોવાથી જિલ્લાના પ્રજાજનોને તેમજ શહેરીજનોને ખાનગી વાહનચાલકોમાં તગડુ ભાડુ ચુકવવુ પડતુ હતુ ત્યારે સીટી બસ શરૂ થતાં આશીર્વાદરૂપ આ સુવિધા બની રહેશે.

## ધાનેરામાં ઉત્સાહ સાથે જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

સમગ્ર દેશમાં ઉત્સાહ સાથે જન્માષ્ટમી ની ઉજવણી થઈ રહી છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ભવ્ય શોભાયાત્રા નિકાળી ઠેર-ઠેર મટકી ફોડ કાર્યક્રમ યોજાયા હતા. ભાદરવા કૃષ્ણ અષ્ટમીને શ્રીકૃષ્ણ દ્વદ્દહદ્ધદ્દજદ્ધે કહે છે. કારણ કે આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ મનાવવામાં આવે છે.આ તિથિની ઘનઘોર અંધારી અડધી રાતને રોહિણી નક્ષત્રમાં મથુરાના જેલમાં વસુદેવની પત્ની દેવકીના ગર્ભથી ભગવાન શ્રીકૃષ્ણએ જન્મ લીધો હતો. આ તિથિ એ શુભ સમયની યાદ અપાવે છે.



# પ્રાંતિજ જાયન્ટસ ગૃપ દ્વારા ગરીબ બાળકોને પગરખા વિતરણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સેવાભાવી સંસ્થા જાયન્ટસ ગૃપ અને ગલતેશ્વર ખાતે આવેલ અંબર ટુ સિરામિક કંપનીના સહયોગથી પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ શાળાના બાળકોનને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે આવેલ નાળીયા વિસ્તાર આંગણવાડી, ભાંખરીયાટેકરા આંગણવાડી, નવરપુરા આંગણવાડી, બોરીયા આંગણવાડીના ભુલકાઓને દૂધ અને પગરખાંનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ગલતેશ્વર તથા સાદોલીયા ખાતે પણ શાળાના બાળકો અને આંગણવાડીના બાળકોને પગરખાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આ પ્રસંગે અંબર ટુ સિરામિક કંપનીના સિનિયર પ્રોડક્શન મેનેજર રવિન્દ્રભાઈ, એચ.આર. મેનેજર આર.કે. દાસ, ગોસ્વામીભાઈ, જાયન્ટસ સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, વ્રજેશભાઈ ભાવસાર, મિતેષભાઈ પટેલ સહિત જાયન્ટસ સભ્યો ઉપસ્થિત રહીને આંગણવાડીના ભુલકાઓને દૂધ અને પગરખા અને પ્રાથમિક શાળાના બાળકોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે બાળકોને દૂધ પગરખા મળતા બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યું હતું.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં ગ્રીન ડેની ઉજવણી યોજાઈ હતી. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરાયું હતું. વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃતિઓનું શ્રેષ્ઠ યોગ્યતાઓનું મુલ્યાંકન કરી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. આ પ્રસંગે સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ,કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ,ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય આર.એચ. ચૌહાણએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓના વિકાસ અર્થે વિવિધ પ્રવૃતિઓનું આયોજન અવાર-નવાર કરવામાં આવે છે. જેમાં સુશોભન પ્રવૃત્તિ, નાટ્ય પ્રવૃત્તિ, નૃત્ય કલા સહિત વિવિધ પ્રકારની પ્રવૃતિઓનું કરાતું હોય છે.

# મેઘરજના કુંભેરાની સીમમાં બાઈક રોડ સાઈડના થાંભલે ટકરાતાં એકનું મોત

મેઘરજ, તા. ૨૪

મેઘરજ તાલુકાના કુંભેરા ગામની સીમમાં ગત રવિવારની રાત્રી દરમિયાન બાઈક સવાર બે ઈસમો રોડ સાઈડે આવેલ પીલ્લર સાથે ધડાકાભેર અથડાતા બાઈક સવારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું, જ્યારે ૧ ઈસમ ઘાયલ થતાં સારવાર અર્થે મોડાસા ખસેડાયો હતો.

ગત રવિવારના રાત્રીના બે વાગ્યાના અરસામાં જીવાભાઈ મણાભાઈ રાઠોડ રહે. રેલ્યો તથા અર્જનભાઈ ભીખાભાઈ ડામોર રહે. મોટી ભુવાલ દાંતી ફળી આ બંને ધોલેશ્વર ગામે કામ સારૂ જઈ અર્જનભાઈની મોટરસાઈકલ ડિસ્કવર જીજે.૯.સીએફ.૭૬૯૬ લઈ મેઘરજ પરત આવતા હતા તે અરસામાં મોટરસાઈકલ જીવા મણા રાઠોડ ચલાવતા હતા. તે દરમ્યાન કુંભેરા ગામની સીમમાં બાઈક રોડ સાઈડ આવેલ પીલ્લર સાથે અથડાતા મોટરસાઈલ સવાર અર્જનભાઈને માથાના ભાગે કપાળમાં ગંભીર ઈજાઓ થતાં અર્જનભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે જીવાભાઈને પણ શરીરે ઈજાઓ થતાં સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મૃતકના ભાઈ ભાવેશ ભીખા ડામોરે મેઘરજ પોલીસ સ્ટેશને ફરિયાદ આપી જણાવ્યું હતું કે જીવાભાઈ રાઠોડે અમારી મોટરસાયકલ પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી રોડની સાઈડમાં પીલ્લર સાથે અથડાવી મારાભાઈ અર્જનભાઈને શરીરે ઈજાઓ પહોંચાડી મોત નીપજાવેલ છે. જેમાં મેઘરજ પીએસઆઈ જી.કે. બારોટે આરોપી બાઈક ચાલક જીવા મણા રાઠોડ રહે. રેલ્યો સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૩, ૧૮૪ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતકનું પીએમ કરનાર ડો.પી.બી. રાઠોડનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે મૃતકને માથાના અંદરના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું.

## હાલત કફોડી.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૨ જિલ્લામાં માઠી અસર થઈ છે. ૧૯૩૪ જેટલા ગામોમાં પુરના પાણી ફરી વળ્યા છે. કુલ ૩૧.૩૩ લાખ લોકોને પુરની અસર થઈ છે. જે જિલ્લામાં અસર થઈ છે. તેમાં બક્સર, ભોજપુર, સારન, મુંગેર, વૈશાલી, બેગુસરાઈ, સમસ્તીપુરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત લખીસરાઈ, ખાગરિયા અને ભાગલપુરમાં પણ પુરની સ્થિતી જોવા મળી રહી છે. પટણા, ભાગલપુર, મુંગેર સહિત ચાર જિલ્લામાં સાત સ્થળો પર ગંગા નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી હાલમાં ઉપર છે.

સત્તાવાર યાદીમાં કહેવામાં આવ્યુ છે કે ૩.૪૪ લાખ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમને સુરક્ષિત સ્થળ પર ખસેડી દેવામાં આવ્યા છે. લોકોને રાહત આપવા માટે ૪૩૩ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં ૧.૭૪ લાખ લોકો હાલમાં છે. તેમના માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં પણ હાલતમાં વધારે સુધારો થયો નથી. અલ્હાબાદ, વારાણસી અને અન્ય કેટલીક જગ્યાએ ગંગા નદીમાં પાણીની સપાટી ઘટી છે. જો કે સ્થિતી પર તંત્રની ચાંપતી નજર રહેલી છે. ૮.૭ લાખ લોકોને માઠી અસર થયેલી છે. વારાણસી, અલ્હાબાદ, ગાઝીપુર, બલિયામાં ૮૮૭ ગામોમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે.

## વરસાદ થયો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

અથવા મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે.

બીજી બાજુ રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૧૧૯ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસાવ્યો છે. જેમાં બોટાદ જિલ્લાના રાણપુર તાલુકામાં ૧૨૦ મી.મી. એટલે કે ચાર ઈંચથી વધુ જ્યારે જુનાગઢ જિલ્લાના વંથલીમાં ૯૫ મી.મી., સુરેન્દ્રનગર જિલ્લાના ચુડામાં ૮૯ મી.મી. મૂળીમાં ૭૫ મી.મી. બોટાદ જિલ્લાના બોટાદમાં ૮૦ મી.મી. મળી કુલ ચાર તાલુકાઓમાં ત્રણ ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૬.૦૮.૨૦૧૬ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન દાંતીવાડામાં ૭૦ મી.મી., ધંધુકામાં ૬૫ મી.મી. સાયલામાં ૬૪ મી.મી., વઢવાણમાં ૬૪ મી.મી., વિસાવદરમાં ૫૧ મી.મી. બરવાળામાં ૬૧ મી.મી. ગઢડામાં ૫૨ મી.મી અને દસાડામાં ૪૯ મી.મી મળી કુલ નવ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડ્યા છે. આ ઉપરાંત રાજ્યના દસકોઈ, ખંભાત, પેટલાદ, સોજીત્રા, તારાપુર, કડી, ગાંધીનગર, ચોટીલા, માંડવી (સુરત), ભેસાણ, જુનાગઢ, જુનાગઢ શહેર, મેંદરડા, ગીર ગઢડા, તલાલા, ઉના, અમરેલી, બગસરા, લાઠી, વડીયા, વલ્લભીપુર, ચીખલી, ગણદેવી મળી કુલ ૨૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૪૧ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ સાથે ચાલુ મોસમનો રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૬૩.૮૩ ટકા જેટલો નોંધાયો છે.

## માર્ગોનું ધોવાણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાવા મળી રહી છે. સેકટરોમાં ઉભરતા વરસાદી પાણીની સાથે માર્ગોનુ ધોવાણ થયુ છે. ત્યારે જુના સચિવાલય પાછળ સ્થિત મીના બજારની હાલત પણ બદતર જોવા મળી રહી છે. મીના બજારમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ગંદકી ખદબદી રહી છે. બજારના આંતરિક માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા માર્ગોનુ સદંતર ધોવાણ થયુ છે. આંતરિક માર્ગોના નવિનીકરણનુ કામ વર્ષોથી હાથ ધરવામાં આવ્યુ નથી. ઉબડ ખાબડ માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા વેપારીઓ તેમજ મુલાકાતીઓ પરેશાન થઈ ગયા છે. અસહ્ય ગંદકી વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધતા આરોગ્ય સામે પણ ખતરા મંડરાયો છે. છેલ્લા પાંચ વર્ષથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં ન આવતા માર્ગોની હાલત બિસ્માર જોવા મળી રહી છે. ચોમાસાના અંતે મીના બજારમાં આંતરિક રસ્તા સુધારણાનુ કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ઓછો વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં થયું છે. ગુવારનું વાવેતર પણ ૧૦ હજાર હેક્ટરને પાર કરી ગયુ છે તો શાકભાજી વાવેતર ૯૫૦૦ હેક્ટર પર પહોંચી ગયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૧૮.૫ મિ.મિ. સરેરાશ વરસાદ થયો છે. સૌથી વધુ વરસાદ દહેગામમાં ૬૦૨ મિ.મિ. જેટલો, માણસામાં ૫૫૭ મિ.મિ. જેટલો, કલોલમાં ૫૦૨ મિ.મિ. અને ગાંધીનગરમાં ૪૧૩ મિ.મિ. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદે પેટર્ન બદલી અને ખેડૂતોએ પાક પેટર્ન બદલી તે એક સુભગ યોગાનુ યોગ છે. જિલ્લામાં કઠોળ પાકનું વાવેતર સારૂ થયું છે. આ ઉપરાંત સોયાબીનની ખેતીનો પણ પ્રયોગ થયો છે. જિલ્લામાં તલની ખેતી ૩૪૦ હેક્ટરમાં નોંધાઈ છે. જ્યારે ચોમાસુ બાજરીનું વાવેતર ઘટ્યુ છે અને તે ૩૪૦૦ હેક્ટરમાં જ નોંધાયું છે.

## ઉલ્લાસપૂર્વક ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. નગરમાં ભકતો દ્વારા કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

જન્માષ્મીના તહેવારને લઈ શહેરના ભકતોમાં અનેરો માહોલ સર્જાયો હતો. શહેરમાં મોડીરાત સુધી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી. નગરના મંદિરોમાં મોડીરાત સુધી બાળ કૃષ્ણની પૂજા અર્ચના તેમજ ભકિતની સાથે સંગીતના સુર વચ્ચે ભજન કિર્તન આરતી અને મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા.સેકટરવાસીઓ ભગવાનની ભકિતમાં તલ્લીન બન્યા હતા. ભગવાન શ્રી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી અન્વયે શહેરના વિવિધ સેકટરોમાં આવેલા મંદિરોમાં પણ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. શહેરના પંચદેવ મંદિર ખાતે જન્માષ્ટમીની વિશેષ ઉજવણી કરાઈ હતી. પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ તેમજ વાસણ મહાદેવ મંદિર ખાતે પરંપરાગત દરવર્ષની જેમ મેળો પણ ભરાયો હતો.આ મેળાની મોજ માણવા શહેર તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભાવિકો આવ્યા હતા. આ ઉપરાંત શહેરના જલારામ મંદિર ખાતે રાસ-ગરબા, ભજન, મટકીફોડ, તેમજ કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી ભકતો દ્વારા કરાઈ હતી. સેકટર-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે પણ કૃષ્ણજન્મોત્સવની ભકતો દ્વારા કરવામાં આવી હતી. સેકટર૩ ન્યુ તેમજ સેકટર-૧ ગાયત્રી મંદિર ખાતે પણ રાસ ગરબા તેમજ મટકીફોડ સહિતના કાર્યક્રમો થકી જન્માષ્ટમીની પર્વની ઉજવણી ભકતો દ્વારા કરાઈ હતી. સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે પણ રંગારંગ કાર્યક્રમ તેમજ ૫૦૦ દિવડાની આરતી કરીને કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી. શહેરના વિવિધ મંદિરો તેમજ સેકટરોમાં વિવિધ સ્થળો પર ભકતો દ્વારા રંગારંગ કાર્યક્રમ અને સાંસ્કૃતિ કાર્યક્રમો દ્વારા જન્માષ્ટમી પર્વ ધામધુમથી ઉજવણી કરાઈ હતી.